# વિપક્ષી નેતા સહિત નગરસેવકોને નિમંત્રણ કાર્ડ પહોંચ્યા જ નહિ!

## સ્વૈચ્છીક સંસ્થાના આગેવાનોને પણ નિમંત્રણ કાર્ડ ન મોકલાયાની ફરિયાદ : કર્મચારીઓ વહેલા જતાં વિભાગોમાં કર્મચારીઓની પાંખી હાજરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં આજે રાજયના સ્થાપના દિનની ઉજવણી માટે યોજાયેલા કાર્યક્રમમાં વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલ સહિત નગરસેવકોને નિમંત્રણ કાર્ડ નહિ મળ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓને પણ સહભાગી થવા નિમંત્રણ નહિ અપાયાની હકીકતો બહાર આવી છે.

ગૌરવ દિન ની ઉજવણી નિમિત્તે આજે સચિવાલય અને સ્વર્ણીમ પાર્ક ખાતે માર્ચ પાસ્ટ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને આતશબાજીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપના વિપક્ષી નેતા સહિત સંખ્યાબંધ કાઉન્સીલરોને નિમંત્રણ કાર્ડ નહિ મળતાં ભાજપના તેમજ કોંગ્રેસના કાઉન્સીલરોએ આજે આ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો હતો. જો કે સંગઠ્ઠનના કેટલાક આગેવાનો દેખાયા હતા.

બીજી તરફ આવા જાહેર કાર્યક્રમોમાં સામાન્યતઃ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓને સામેલ કરવામાં આવતી હોય છે પણ આ વખતે આ સંસ્થાઓથી પણ તંત્ર એ કિનારો કરતાં લોકોમાં રોષની લાગણી ફેલાવા પામી છે.

આજે જો કે યોજાયેલા આ કાર્યક્રમમાં લોકોની નોંધપાત્ર હાજરી જરૂરી હતી પરંતુ વિવાદોમાં આખી વાત દબાઈ જવા પામી હતી.

ગાંધીનગર ખાતે રાજ્યની સ્થાપના દિન ઉજવણી કાર્યક્રમને લઈને સાંજે પોઈન્ટની બસોનો સમય મોડો કરવામાં આવતા મોટા ભાગના કર્મચારીઓ બપોર બાદ વહેલા જતાં સચિવાલયના વિભાગોમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

સાંજે બસનો સમય મોડો કરવામાં આવતાં અમદાવાદથી આવતા કર્મચારીઓ પૈકી મોટા ભાગના કર્મચારીઓ આજે બપોર બાદ વહેલા ઘરે જતા રહેતા સચિવાલયના મોટા ભાગના વિભાગોમાં કર્મચારીઓની હાજરી પાંખી જોવા મળી હતી.

## જલારામ મહિલા મંડળ દ્વારા પગરખાં વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧

શ્રી જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા જરૂરિયાતમંદ લોકોને ચંપલ (પગરખાં)નું વિતરણ સેકટર-૬ ઝુંપડપટ્ટી, સેકટર-૨૪ ઈન્દિરાનગર, તેમજ અન્ય વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યુંહતું. જલારામ મહિલા મંડળ ગાંધીનગર શ્રી કુસુમબેન તન્ના, ઉપ પ્રમુખશ્રી જયશ્રીબેન અણનમ, તથા કારોબારી સભ્યોશ્રી જશુબેન ઠક્કર અને ગીતાબેન સેજાણી સાથે જોડાયા હતા.

## સોમનાથ મહાદેવની પૂજા- અર્ચનાનો અલભ્ય લાભ મેળવો

ગાંધીનગર, તા.૧

શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિના પ્રમુખશ્રી રમણીકભાઈ પી. વ્યાસે અખબારી યાદીમાં જણાવ્યું છે કે રૂા. ૨૫૦૧ ની ભેટ અર્પણ કરીને આપના સ્વજનની જન્મતિથિ અથવા પુણ્યતિથિ નિમિતે આજીવન તિથિ તારીખ નોંધાવી ભગવાન શ્રી સોમનાથ દાદાની પુજા- અર્ચનાની આરતીનો લાભ મેળવો. ટેમ્પલ સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સેકટર-૧૬ રંગમંચ પાસે આવેલ સુપ્રસિદ્ધ શ્રી સોમનાથ મહાદેવ મંદિરેથી ભેટની પાકી પહોંચ મેળવી લેવી.

## વિરપુર દર્શન માટે પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧

તા. ૬ મેના રોજ શ્રી જલારામ સેવા સમાજ દ્વારા એક દિવસીય બસ યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. તો ઈચ્છુક વ્યકિતઓએ વહેલા તે પહેલાના ધોરણે પોતાનું નામ મેનેજરશ્રી પાસે નોંધાવી દેવા વિનંતી છે.

તા. ૬મેના રવિવારે ગાંધીનગર થી ગણેશપુરા, કાઠે (ગણપતિપુરા મંદિર), વિરપુર ધામ શ્રી જલારામ બાપાના મંદિરે, ચોટીલા- ચામુંડા માતાજીના મંદિરથી પરત આવશે.

સવારે ૫.૩૦ કલાકે જલારામ મંદિર સેકટર-૨૯ થી યાત્રા પ્રવાસ ઉપડશે. વધુ માહિતી માટે મેનેજરશ્રીનો સંપર્ક સાધવો. ૨૩૨૨ ૩૬૧૪ શ્રી જલારામ સેવા સમાજના મંત્રીશ્રી જિતેન્દ્રકુમાર સેજાણીએ જણાવેલ છે.

## ગ-૦ થી ગ-૨ સુધીના નમી પડેલા વૃક્ષો હટાવવાની જરૂર

ગાંધીનગર, તા. ૧

સેકટર-૪ થી સેકટર-૩ ના ગ-૦ થી ગ-૨ સુધીના રસ્તાઓની બાજુમાં મહાકાય વૃક્ષો તથા ઝાડ નમી પડેલ છે. પરિણામે રાહદારીઓને ભયના મહોલ વચ્ચે પસાર થાય છે. તો આવા જોખમી વૃક્ષોનો યોગ્ય મંજુરી મેળવીને પણ દૂર કરવાની જરૂર છે. જેથી વડિલો, બાળકોને ભયના વાતાવરણમાં મુક્ત થાય, ચોમાસું કે વાવાઝોડામાં મોટી જીવલેણ દુર્ઘટના સર્જાવાનો પણ ભય રહેલો છે.

# સમર્પણ મહાધ્યાન શિબિરના હોર્ડીંગ્સને તોડફોડથી સાધકોમાં ભભૂકતો રોષ

ગાંધીનગર, તા.૧

તા. ૬મે એ પ્રાતઃકાળે શ્રી શીવકૃપા સ્વામીજી પ્રેરણાથી સમર્પણ મહાધ્યાન શિબિરનું આયોજન થયું છે. જેને સફળ બનાવવા સાધકો રાત-દિવસ એક કરી રહ્યા છે. ત્યારે કેટલાક વિધ્ન સંતોષી, અસામાજિક તત્વો ગાંધીનગરમાં ચાર રસ્તા, તથા જાહેર સ્થળોએ મહાધ્યાન શિબિરના હોર્ડિંગ્સ ગત રાત્રિએ તોડફોડ કરેલ છે. જેથી સમર્પણ મહાધ્યાન શિબિરના સાધકોમાં રોષની ઉગ્ર લાગણી ફેલાઈ છે.

મહાધ્યાન શિબિર અગાઉ અસામાજિક વિધ્ન સંતોષી તત્વોને નેસ્તનાબુદ થયા તેવા પ્રયત્નો પોલીસ ખાતાએ પણ કરવા જોઈએ તેવી પ્રબળ લાગણી છે.

# ચિલોડા ખાતે ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાયો



ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ચિલોડા ખાતે સેન્ડી પાલ્મ રીસોર્ટ એન્ડ હોટલ્સ પ્રા.લિ.ના પટાંગણમાં ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ આયોજિત પાંચમો સમુહ લગ્નોત્સવ યોજાયો. આ પ્રસંગે સમારંભના પ્રમુખ જગદીશભાઈ ઠાકોર સાંસદ સભ્ય પાટણ, મુખ્ય અતિથિ તરીકે જયસિંહજી ચૌહાણ, શિક્ષણ રાજયમંત્રી નટુજી હાલાજી ઠાકોર, રાજયસભાના સભ્ય, આમંત્રિત મહેમાનો વિવિધ હોદ્દેદારો, પદાધિકારીઓ, શુભેચ્છકો, સમુહલગ્ન સમિતિના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૩૫ નવદંપતિને શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણી જ્ઞાતિબંધુઓ તથા દાતાશ્રીઓ તરફથી નવ દંપતિઓને ઉદાર હાથે લગ્ન-ભેટ-સોગાદો આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના સર્વે સ્નેહીજનો મોટી સંખ્યામાં પધારતાં લગ્ન અવસર દીપી ઉઠયો હતો. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

# શ્રીનગર સોસાયટીમાં લાઈટ રસ્તાનાં કામોનો આરંભ

## કામને અનુલક્ષી આજે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧

સે. ૨૪ શ્રીનગર સોસાયટી ખાતે આજે સી.સી. રોડ તેમજ હાઉસિંગ વસાહતમાં દાયકાઓના અંતે પણ સી.સી. રોડ તેમજ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ ન તેમજ સ્ટ્રીટલાઈટની કામગીરી માટે રૂ. ૩૦ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જે અન્વયે



સ્ટ્રીટલાઈટના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૦ લાખનો ખર્ચ થશે. સેકટરમાં દાયકાઓના અંતે આ સુવિધા ઉપલબ્ધ કરવાનું કામ હાથ ધરાતા સેકટરવાસીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે.

સે. ૨૪માં સ્થિત શ્રીનગર થતા સ્થાનિક રહીશોને ડગલે ને પગલે મુશ્કેલી વેઠવી પડતી હતી. જ્યારે આ વિસ્તારમાં આ સુવિધા ઉપલબ્ધ કરવા વોર્ડ નં. ૫ના કોર્પોરેટર સુરેશ મહેતા તેમજ સંદીપ જ્યોતિકરે આ અંગે માર્ગ-મકાન મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેને અનુલક્ષી સેક્ટરમાં સી.સી. રોડ આજે સ્ટ્રીટલાઈટ અને રસ્તાના કામોની ખાતમુહૂર્તવિધિ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, શહેર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ, મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ ઉપરાંત સ્થાનિક વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત ધમ્મ સોસાયટી દ્વારા બુદ્ધ પૂર્ણિમા મહોત્સવ ૬ મેના રોજ ઉજવાશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગરના જનરલ સેક્રેટરી પ્રા. તુષાર સંબોધી અખબારી યાદીમાં જણાવેલ છે કે તા. ૬મેના રવિવારના રોજ વૈશાખ સુદ પૂર્ણિમાના દિને બુદ્ધ પુર્ણિમાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે રાજન પ્રિયદર્શી, નિવૃત આઈ.પી.એસ. તથા અતિથિ વિશેષ પદે મુલચંદભાઈ કે. રાઠોડ, પ્રમુખશ્રી સંત રોહિતદાસ સેવા સમાજ ગાંધીનગર હાજર રહેશે.

બુદ્ધ પુર્ણિમાના દિને સવારે ૭.૩૦ થી રાત્રિના બે વાગ્યા સુધી પંચશીલ આરોહણ, ધમ્મચારિકા (પ્રભાત ફેરી) બુદ્ધ વંદના- પૂજા- સુત સંધાયન, ધર્મદેશના, મુખ્યમહેમાન, અતિથિશ્રીઓના ઉદ્દ્બોધન, ઈમાન વિતરણ, ધમ્મ પાલન ગાથા વગેરે કાર્યક્રમો યોજાશે. બૌદ્ધ પરિવારોએ સફેદ વસ્ત્રો ધારણ કરવા, વિહારમાં ફુલ, મીણબત્તી, અગરબત્તી, લાવવા.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા ઉજીથી આર્ટ એક્સેલ અને યશ કોર્સનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં સેક્ટર-૧૧ ખાતે આવેલા મેઘ મલ્હાર કોમ્પલેક્ષમાં તા. ઉજી મે થી ૬ઠ્ઠી મે દરમિયાન આર્ટ એક્સેલ તથા યશ કોર્ષનો પ્રારંભ થશે. આર્ટ એક્સેલ કોર્ષ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન અને યશ કોર્ષ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન ચાલશે.

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત ખાસ બાળકો ઉંમર ૮ થી ૧૨ વર્ષ માટે આર્ટ એક્સેલ કોર્સ અને યુવાઓ ઉંમર ૧૩ થી ૧૮ વર્ષ માટે યસ કોર્ષનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યુંછે. આ શિબિરમાં ચીલ્ડ્રન ક્રિયા/સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવશે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે.

આ અંગેનું રજીસ્ટ્રેશન તથા વધુ માહિતી સુરેશભાઈના મો. નં. ૯૪૨૬૩૦૦૩૦૩ પરથી મળી શકશે.

# ૪૨ વર્ષથી અવિરત ચાલતી રાત્રી બેઠક - ભાતૃભાવ અને એકતાના અનોખા સંબંધની સુગંધ પ્રસરાવે છે

**સંબંધ સજાવે જિંદગી**
**નોખા-અનોખા સંબંધ**
**- પોપટલાલ પ્રજાપતી**
gsrelation@yahoo.com

*આમ તો એવું કહેવાય કે બગીચા એટલે વૃદ્ધોનો વિસામો. કૌટુંબિક હૈયા વરાળ ઠાલવી મનને હળવુ કરવાનુ સ્થળ. લગભગ દરેક સેક્ટરના બગીચામાં આવા દ્રશ્યો જોવા મળે છે. જ્યાં જુઓ ત્યાં વેદના અને વલોપાત પણ સેક્ટર-૧૬ના બગીચામાં છેલ્લા ૪૨ વર્ષથી વડીલોની ટીમ રાત્રે જમી પરવારી ૯ વાગ્યાથી એકત્ર થવા માંડે અને આ મીટીંગ રાત્રે ૧૦.૩૦ વાગે પુરી થાય કોઈ વાર સમસ્યા ગંભીર હોય તો રાત્રીના ૧૧ પણ વાગી જાય. પ્રશ્ન એ થાય કે આ બધા સમદુખિયાઓ ભેગા થઈ શું પોતાના પરીવારના રોદણાં રડતા હશે ? કે જાત્રા કે પ્રવાસના આયોજનો કરતા હશે ? કે રાજકીય વાદ વિવાદમાં પોતાનું જ્ઞાન પ્રગટ કરી રોફ જમાવવા પ્રયત્ન કરતા હશે ? પણ ના, સૌની ધારણા ખોટી પડે તેવી આ વાત છે. આ ટીમના સભ્યોની સૌ પહેલાં ઓળખ કરી લઈએ. આ બેઠકના સુત્રધાર અરૂણ બુચ અને તેમના સહભાગી મિત્રો સુર્યકાન્ત બારોટ, મહાવીરસિંહ ગોહિલ, જશુભાઈ ઠક્કર, જે.ડી. દવે, મહેન્દ્ર શ્રીમાળી, ચંદુજી ઠાકોર, અમરસિંહ ગોલ, નિતીનભાઈ ભાવસાર યાદી જોતાં નથી લાગતું કે આ કોઈ જ્ઞાતિની મીટીંગ નહિ પણ સર્વધર્મ સમભાવનો સંદેશ જાગૃત કરનારી ટીમ હશે ? હા, છે પણ એવું જ આ મીટીંગમાં સેક્ટરના પ્રાણ પ્રશ્નોની ચર્ચા થાય, વસાહતીઓમાં ભાતૃભાવ કેમ વધે તેનું ચિંતન હોય, સેક્ટરની સુવિધા કેમ વધારવી તેનું ચિંતન હોય, કોઈ દુઃખી આત્મા કૌટુંબિક પ્રશ્ન લઈને આવે, કોઈ વેદના કોઈ સંતાપની વાત લઈને આવે તો તેનું સમાધાન કઈ રીતે કરી શકાય તેનું પણ મંથન થાય, હા, એક વાતનો કડક પ્રતિબંધ, ક્યારેય રાજકીય પક્ષાપક્ષીની કે શક્ય હોય તો પોતાની કચેરીના કાવાદાવાની વાત કરવી નહિ કારણ કે તેમાંથી મનદુઃખ થાય અને મનદુઃખ ક્યારે મતભેદમાં પરીણમે તે કહેવાય નહિ. ગાંધીનગરમાં આટલા આંદોલનો થયા પણ આ આંદોલનનો એક તણખો પણ આ મીટીંગને વિભક્ત કરવા નીમીત્ત બની શક્યો નથી. નવાઈની વાત એ છે કે સખત ઠંડી હોય કે વરસાદની હેલી હોય, કાળઝાળ ગરમી હોય પણ નવના ટકોરે આ મિત્રોના પગ સેક્ટર-૧૬ના બગીચા તરફ પ્રયાણ કરવા જ માંડે. જાણે એક દિવસ નહિ જઈએ તો કોઈ પ્રશ્ન ઉકેલ્યા વિના રહી જશે એવી સતત ચિંતા. ૪૨ વર્ષથી નિયમિત સેક્ટર-૧૬ના શોપીંગ સામે ત્રિકોણીયા બગીચામાં જાણે કે પ્રેમ, કરુણા અને મમતાનો ત્રિકોણ રચવા ભેગા ન થતા હોય ? ૪૨ વર્ષનો લાંબો ગાળો એટલે સ્વાભાવિક છે કોઈ મિત્રએ અલવિદા કરી હોય પણ કોઈ સ્થાન ખાલી પડ્યુ નથી હવે તો જવાનિયાઓને પણ આમાં રસ પડવા લાગ્યો છે. અને આ મીટીંગમાં ભાગ લેવા સેક્ટર-૭, ૮, ૨૦, ફતેપુરા અને વાવોલ જેવા દૂરના સ્થળોથી પણ મિત્રો, વડીલો, આવવા માંડ્યા છે. સેક્ટરના બગીચાની અન્ય મીટીંગો તો જોઈ હશે પણ આ મીટીંગની કોઈ વાર મુલાકાત દુરથી પણ લેજો ધન્ય થઈ જશો.*

***સખત ઠંડી હોય કે વરસાદની હેલી હોય, કાળઝાળ ગરમી હોય પણ નવના ટકોરે આ મિત્રોના પગ સેક્ટર-૧૬ના બગીચા તરફ પ્રયાણ કરવા જ માંડે***

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૩
સૂર્યાસ્ત : ૦૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૧૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦
**સ્ક્રીન-૩ :** તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસફૂલ ૨ : ૧૧.૧૫
**સ્ક્રીન-૪ :** લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫
**સ્ક્રીન-૪ :** હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- **કિશોર ત્રિવેદી**

**મેષ** : કાર્યભાર અને વ્યસ્તતાથી થાક થઈ શકે છે. ગૂંચવણોમાં વધારો થયા નહીં તેનું ધ્યાન રાખવું. બુદ્ધિ અને ધનનો દુરપયોગ ન કરવો. વ્યવસાયિક હાનિ, નુકશાનથી બચવું.

**વૃષભ** : અટવાયેલા કાર્યોનો નિકાલ આવી શકે છે. નિશ્ચિંતતાથી કાર્ય કરવું. પ્રગતિ વર્ધક સમાચાર મળી શકે છે. આરોગ્ય સંબંધી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**મિથુન** : યાત્રા-પ્રવાસ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય જીવનમાં સુખમાં કમી આવી શકે છે. નવા સંબંધો બની શકે છે.

**કર્ક** : સંતાન તરફથી સુખદ સમાચાર આવી શકે છે. શુભ સંદેશ તમને નવી દિશા બતાવશે. કૌટુંબિક સમસ્યાઓમાં વધારો ન થાય તેની કાળજી રાખવી.

**સિંહ** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી હિતાવહ છે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. નોકરી વ્યવસાયમાં લાભ મેળવી શકાશે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક મળી શકે છે. રહેઠાણ સંબંધી સમસ્યાઓ ઉભી થઈ શકે છે. વ્યાપીરમાં નવા અને લાભદાયી કરાર થઈ શકે છે.

**તુલા** : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહશે. માતા- પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયી નીવડી શકે છે.

**વૃશ્ચિક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી મળી શકે તેમ છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સુખદ સંદેશાની પ્રાપ્તિથી ઉત્સાહમાં વૃદ્ધિ થઈ શકે છે. ઘણાં દિવસોથી મોકૂફ કામ આજે પૂર્ણ થવાની શકયતાઓ છે. અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મકર** : નવા સંબંધો બની શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ છે. સંતાનોના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**કુંભ** : સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન રાખવું પડશે. દેવાની ચિંતા ઓછી થઈ શકે છે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**મીન** : વ્યવસાયમાં પ્રગતિ થઈ શકે છે. નોકરી- વેપારમાં વિશેષ લાભની આશા પ્રબળ બનતી જણાય. રાજ્ય પક્ષનાં કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી ડાહીબેન શીવસિંહ (ઉ.વ. ૭૫) મુ.પો. દોલતાબાદ તા. તલોદ જિ. સાબરકાંઠા
- સ્વ. નિરંજનાબેન કિરીટભાઈ દેસાઈ (ઉ.વ. ૭૦) ૪૫, સાલ્વીક હોમ, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર

**DTH. TV રીમોટ મળશે**
આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫
મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬